હાલોલ તાલુકામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ રાજકીય ગરમાવો

હાલોલ તા.પં.માં 24-જિ.પં. માટે 5 ઉમેદવાર મેદાનમાં

(પ્રતિનિધિ) કાલોલ,તા.11

હાલોલ તાલુકામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ રાજકીય ગરમાવો હાલોલ નગર ખાતે જોવા મળ્યો હતો તેમાં પણ ભાજપા દ્વારા તાલુકા પંચાયત ની 24 અને જિલ્લા પંચાયત ની પાંચ કુલ 29 ઉમેદવારોને મેદાનમાં ઉતારતાં ભાજપા દ્વારા ભવ્ય શક્તિ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. તમામ ઉમેદવારોએ પોતાના ટેકેદારો સાથે મોટી સંખ્યામાં એકત્રિત થઈ વિજય સંકલ્પ રેલી હાલોલ કંજરી રોડ સ્થિત ભાજપા કાર્યાલયથી ઢોલ નગારા બેનરો સાથે જોડાઈ રેલી સ્વરૂપે નીકળી હાલોલ મામલતદાર ઓફિસ તેમજ તાલુકા પંચાયત ખાતે પહોંચી ઉમેદવારોએ પોતાના ઉમેદવારી ફોર્મ ભરી ભાજપે શક્તિ પ્રદર્શન કર્યું હતું આ શક્તિ પ્રદર્શનમાં હાલોલના સ્થાનિક ધારાસભ્ય અને ભાજપના બીજેપી પ્રદેશ ઉપાધ્યક્ષ જયદ્રસિંહજી પરમાર ઉપસ્થિત રહી ઉમેદવારોનો ઉત્સાહ વધાર્યોહતો

હાલોલ તાલુકા પંચાયત માટે 24 અને જિલ્લા પંચાયત માટે 5 ઉમેદવારો મળીને કુલ 29 ઉમેદવારો દ્વારા ઉમેદવારી ફોર્મ નોંધાવવા ની આજે છેલ્લી તારીખે તાલુકા પંચાયત માટે 24 ઉમેદવારો માટે કુલ 77 ફોર્મ તેમજ જિલ્લા પંચાયતની 5 બેઠક માટે કુલ 21 ફોર્મ ભરાતા રાજકીય રંગ જોવા મળ્યો હતો જોકે હજુ ફોર્મ ચકાસણી ત્યારબાદ ઉમેદવારી પત્ર ખેંચવાની અંતિમ તારીખે ચિત્ર સ્પષ્ટ થશે જોકે 24 બેઠક સામે 77 ફોર્મ ભરાતા કેટલાક ઉમેદવારી પત્રો પરત ખેંચાય તેના ઉપર ચૂંટણીનો માહોલ જોવા મળશે જોકે આ વખતે ભાજપા સિવાય અન્ય પક્ષો તેમજ અપક્ષ ઉમેદવારો દ્વારા ઉમેદવારી પત્ર ભરાતા ચૂંટણી નો જંગ ખરા ખરી નો જામશે તેમ હાલમાં લાગી રહ્યું છે પરંતુ તે ઉમેદવારી પત્ર ખેંચવાની અંતિમ તારીખે ચિત્ર સ્પષ્ટ થશ કેટલીક ઉમેદવારી તાલુકા પંચાયત કચેરી ખાતે તો કેટલીક મામલતદાર કચેરી ખાતે દાખલ કરવામાં આવી હતી.

હાલોલમાં આજે ઉમેદવારી કરનાર ઉમેદવારો

જાંબુઘોડા તાલુકા માં થી જિલ્લા પંચાયત ની સીટ ઉપર પાંચ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી હતી જેમાં ભાજપ માં થી બે મહિલા ઉમેદવાર તેમજ કોંગ્રેસ માં થી પણ બે મહિલા ઉમેદવાર અને આમ આદમી પાર્ટી માં થી એક મહિલા ઉમેદવારે પોતાની ઉમેદવારી નોંધાવી હતી.

(1) કવીતાબેન શંકરભાઇ બારીઆ	ભાજપ
(2) કુસમબેન રાજનભાઇ બારીઆ	ભાજપ
(3) સુમીત્રાબેન ઇશ્વરભાઇ બારીઆ	કોંગ્રેસ
(4) હેમલત્તાબેન તરૂણભાઇ બારીઆ	કોંગ્રેસ
(5) કિંજલબેન અક્ષયકુમાર બારીઆ	આપ

જાંબુઘોડા મામલતદાર કચેરી ખાતે જમાવડો

જાંબુઘોડામાં ભાજપ ઉમેદવારોએ ફોર્મ ભર્યા

(પ્રતિનિધિ) કાલોલ,તા.11

આજ રોજ જાંબુઘોડા ખાતે ભાજપ ના તાલુકા પંચાયત ના 16 જેટલા ઉમેદવારોએ તેમજ જિલ્લા પંચાયત માં એક ઉમેદવાર સાથે ઢોલા નગારા સાથે જિલ્લા પંચાયત ના ઉમેદવારનું ફોર્મ તાલુકા પંચાયત કચેરી ખાતે બહાર ભરવામાં આવ્યું હતું જ્યારે 16 તાલુકા પંચાયત ના ઉમેદવારો ના ફોર્મ ભરવા જાંબુઘોડા તાલુકા પંચાયત માં થી ઉમેદવારો સાથે જાંબુઘોડા મામલતદાર કચેરી ખાતે રેલી સ્વરૂપે પહોંચ્યા હતા જેમાં તાલુકા ની પ્રજા મોટી સંખ્યા માં ઉમટી પડી હતી ગઈ ચૂંટણી માં પણ ૧૬ માં થી ૧૬ તથા એક જીલ્લા પંચાયત સીટ ઉપર ભાજપ નો ભગવો લહેરાયો હતો જ્યારે આ વખત ની ચૂંટણી માં પણ બધીજ બેઠકો ઉપર ભાજપ ના ઉમેદવારો જંગી બહુમતી થી જીતશે એવો આશાવાદ ઉમેદવારોએ કર્યો હતો જે પંચમહાલ જીલ્લા માં રેકોર્ડ સર્જાશે આ પ્રસંગે જિલ્લા પંચાયત ના પૂર્વ પ્રમુખ કેતુબેન દેસાઈ એ મહિલા ઉમેદવારોને શ્રીફળ હાર તેમજ તિલક કરીને મો મિઠુ કરાવીને આશીર્વાદ આપ્યા હતા.

ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોની યાદી

બેઠક	ઉમેદવાર	બેઠક	ઉમેદવાર
ચાલવડ.	સંજયકુમાર મનસુખભાઇ નાયકા	ખોડસ્યલ	જયરાજભાઇ મહેશભાઈ બારીઆ
ડુમા	નિકિતાબેન પ્રભાવકુમાર નાથકા	નાથપુરી	લવિન્દ્રાબેન સાલમભાઇ બારીઆ
હવેલી	રેશમાબેન હિતેશકુમાર બારીઆ	પનીચારા	વિનુભાઇ નાનકાભાઇ બારીઆ
હીરાપુર	ઉર્મિલાબેન પરશોતમભાઇ બારીઆ	રામપુરા	કસ્તુરીબેન લાલસીંગભાઇ રાઠવા
ઝબાણ	મહેશભાઇ રાયસીંગભાઇ રાઠવા	ઉચેટ	કૃતિકાબેન નયનકુમાર બારીઆ
જાંબુઘોડા	છત્રસિંહ ભારતસિંહ બારીઆ	ઉઢવન	સંગીતાબેન મણીલાલ બારીઆ
કરા	વર્ષાબેન વિજયભાઇ બારીઆ	વાવ	ધર્મિષ્ઠાબેન કમલેશભાઇ બારીઆ
ખાંડીવાવ	મનોજભાઈ મનહરભાઇ હરિજન	બિઝરણ	રમેશભાઇ મગનભાઇ બારીઆ

દાહોદ નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપને નવયુવાનો પર ભરોસો

(પ્રતિનિધિ) દાહોદ,તા.11

દાહોદ નગરપાલિકાની ચૂંટણી આડે હવે માંડ બે અઠવાડિયા બાકી છે ત્યારે દાહોદ નગર પાલિકામાં જુના જોગીઓને જ ફરી ફરીથી ટિકીટ આપવા બદલે સરેરાશ ૩૫ થી ૪૫ ની વય ધરાવતા નવયુવાનોને ટિકીટ આપવાના ભાજપના ઐતિહાસિક પગલાએ જબરજસ્ત ચર્ચા જન્માવી દીધી છે. દર વખતની માફક આ વખતે ટિકીટ માંગણી અને ફાળવણી અંતર્ગત જાહેર થયેલ સુચિ જોઈએ તો વણિક, જૈન, મોઢ વણિક, સિંધી, આદિવાસી, વણકર, ડબગર, પ્રજાપતિ, માળી, પટેલીયા, ધોબી, મારવાડી, ખ્રિસ્તી, વ્હોરા, મુસ્લિમ, ઘાંચી, બ્રાહ્મણ, પંચાલ, સાંસી, ભરવાડ, દરજી, અનુસૂચિત જાતિ જેવી શક્યતઃ વધુ માત્રામાં જ્ઞાતિ-પેટા જ્ઞાતિઓનો સમાવેશ થાય તેવા ઉમેદવારો પસંદ થયા છે.૧૯૯૫ માં પહેલવહેલી વખત દાહોદ નગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું ત્યારથી કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષો પણ ઉત્તરોતર નબળા જ સાબિત થતા ગયાં છે.

દાહોદના વોર્ડ- 2માં ભાજપે આયાતી ઉમેદવારને ટિકિટ અપાતા ઉકળતો ચરુ

દાહોદ : દાહોદ નગરપાલિકા માં વોર્ડ નંબર 2 માં ભાજપ દ્વારા આયાતી ઉમેદવાર ને ટિકિટ ની ફાળવણી કરવામાં આવતા સ્થાનિકો નો વિરોધ દાહોદ શહેર ના વોર્ડ નંબર 2 માં બક્ષીપંચ ની બેઠક પર વોર્ડ નંબર 1 ના આયાતી ઉમેદવાર દર્શિત દિવાકર ને ભાજપે ટિકિટ ફાળવણી કરતા સ્થાનિકો એ નારે બાજી કરી વિરોધ નોંધાવ્યો ભાજપ જો બોર્ડ નંબર 2 ના બક્ષીપંચ ઉમેદવાર ને ટિકિટ નહીં આપે તો મતદાન નો બહિષ્કાર કરવાની ચીમકી પણ સ્થાનિકો દ્વારા ઉચ્ચારવામાં આવી છે.

કોંગ્રેસ અને અપક્ષો પણ મેદાનમાં

કાલોલ તાલુકા-જિલ્લા પંચાયત ચૂંટણીમાં ભાજપની જંગી રેલી

(પ્રતિનિધિ) કાલોલ,તા.11

કાલોલમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયાની શરૂઆત સાથે રાજકીય ચહલપહલ તેજ બની છે ત્યારે કાલોલ તાલુકા પંચાયત અને મામલતદાર કચેરી ખાતે ભાજપ અને કોંગ્રેસ તેમજ અપક્ષ ઉમેદવારો સાથે કાર્યકરોનો જમાવડો જોવા મળી રહ્યો છે.

આજરોજ કાલોલ તાલુકા પંચાયત અને મામલતદાર કચેરી ખાતે ભાજપ તરફથી પંચમહાલ સાંસદ રાજપાલસિંહ જાદવ સાથે જીલ્લા ભાજપ મંડળના પ્રમુખ મયંકકુમાર દેસાઈ, જીલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ ગોહિલ, તાલુકા ભાજપ મંડળના પ્રમુખ મહિદીપસિંહ ગોહિલ સહિત ભાજપના કાર્યકરો અને હોદ્દેદારોએ ઉમેદવાર તરફથી ઉમેદવારી ફોર્મ ભરવા માટે ભવ્ય રેલી સાથે પોતાનું ઉમેદવારી ફોર્મ ભરવા માટે મોટી સંખ્યામાં ઉમેદવારોનાં કાર્યકરો અને સમર્થકોની હાજરીમાં યોજાયેલી આ રેલીમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

જિલ્લા-તાલુકા પંચાયત ચૂંટણી માટે સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા

સંજેલીમાં ચૂંટણીને લઈ પોલીસની ફ્લેગ માર્ચ, મોકડ્રિલ પણ યોજાઈ

(પ્રતિનિધિ) સંજેલી તા.11

જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને પોલીસ તંત્ર સક્રિય બન્યું છે. જિલ્લા પોલીસ અધિકારીના માર્ગદર્શન હેઠળ સંજેલી તાલુકામાં પોલીસ દ્વારા ફ્લેગ માર્ચ અને મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું. સંજેલી તાલુકા પોલીસ મથકના પીઆઇ તેમજ પીએસઆઇ સહિતના પોલીસ સ્ટાફ સાથે સંજેલીના વિવિધ વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે સંજેલી પોલીસ સ્ટેશન અને તેની આઉટપોસ્ટના સ્ટાફ દ્વારા હિરોલા ના જંગલ વિસ્તારમાં એક મોકડ્રિલ યોજાઈ હતી. આ મોકડ્રિલનો મુખ્ય હેતુ ચૂંટણી દરમિયાન મતદાન કેન્દ્ર પર બૂથ કેપ્ચરિંગ જેવી ઘટનાઓ સહિતની ખોટી પ્રવૃત્તિઓને રોકવાનો અને અણધારી પરિસ્થિતિઓને પહોંચી વળવાનો હતો. મોકડ્રિલ દરમિયાન, હાજર રહેલા પોલીસ અધિકારીઓએ જવાનોને કોઈપણ સ્થિતિમાં સંભાળવા અને પોતાની ફરજ કેવી રીતે નિભાવવી તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

લીમખેડા પોલીસે ચૂંટણી પૂર્વે હુમલો રોકવા મોકડ્રિલ યોજી

(પ્રતિનિધિ) સંજેલી તા.11

લીમખેડા પોલીસે આગામી તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓ પૂર્વે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પાણીયા ગામે મોકડ્રિલ યોજી હતી. પી.આઈ. એસ.વી. વસાવાની આગેવાની હેઠળ પોલીસ કાફલાએ અશ્રુગેસના સેલ છોડીને તોફાની ટોળાને વિખેરવાની પ્રેક્ટિસ કરી હતી. આ કવાયત ભૂતકાળના ગુનાહિત ઈતિહાસને ધ્યાનમાં રાખીને કરવામાં આવી હતી. વર્ષ 2026માં યોજાનારી તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓને હવે ગણતરીના દિવસો બાકી છે. લીમખેડા પોલીસ સ્ટેશન વિસ્તાર રાજકીય રીતે સંવેદનશીલ હોવાથી અને અગાઉની ચૂંટણીઓ દરમિયાન હિંસક બનાવો તેમજ ગુનાઓ નોંધાયેલા હોવાથી, પોલીસ વિભાગ કોઈ કચાસ રાખવા માંગતું નથી.આ હેતુસર, ઉપરી અધિકારીઓના આદેશ અનુસાર 'મોકડ્રિલ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

તાલુકા પંચાયત માટે 96 જ્યારે જિલ્લા પંચાયત માટે 18 ઉમેદવારો

સુખસરની તાલુકા-જિલ્લાની બેઠકો માટે ઉમેદવારોનો રાફડો

(પ્રતિનિધિ) સુખસર,તા.11

દાહોદ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારોને ફોર્મ ભરવાનો આજરોજ અંતિમ દિવસ હતો. ત્યારે સુખસર તાલુકા- જિલ્લાની બેઠકો માટે ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારોનો રાફડો ફાટ્યો હોવાનું જાણવા મળે છે.

સુખસર તાલુકામાં તાલુકા પંચાયતની 18 બેઠક માટે ગતરોજ ભાજપના 27,કોંગ્રેસના 27,આપ પાર્ટીના 17, જ્યારે અપક્ષના 1 ઉમેદવારે ફોર્મ ભરેલ હતું.આમ ગત રોજ કુલ 71 ફોર્મ ભરાયા હતા.જ્યારે આજરોજ ફોર્મ ભરવાની અંતિમ તારીખે ભાજપના 9,કોંગ્રેસના 6,આપ પાર્ટીના 3,અપક્ષના 6,ભારત આદિવાસી પાર્ટીના 1 ઉમેદવાર મળી કુલ 25 ઉમેદવારોએ આજરોજ ફોર્મ ભરતા કુલ તાલુકા પંચાયતની બેઠકો માટે 96 જેટલા ઉમેદવારોએ ફોર્મ ભરેલ હોવાનું જાણવા મળે છે.જ્યારે જિલ્લા પંચાયતની 3 બેઠકો માટે ભાજપના 6,કોંગ્રેસના 7, આપ પાર્ટીના 5 મળી કુલ 18 ઉમેદવારોએ જિલ્લા પંચાયત સભ્યની ચૂંટણી લડવા ફોર્મ ભરેલ હોવાનું જાણવા મળે છે. હવે આવતીકાલે ફોર્મ ચકાસણી કરવામાં આવશે.જ્યારે સોમવારના રોજ ફોર્મ પરત ખેંચવાની તારીખ હોય કેટલા ઉમેદવારો પોતાનું ફોર્મ પરત ખેંચે તે જોવું રહ્યું. ત્યારબાદ તાલુકા-જિલ્લાની ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થશે.

જૂની મામલતદાર કચેરી અને પાલ્લી ગોડાઉન પર ગેસ બોટલ માટે રઝળપાટ

લીમખેડામાં ગેસ સિલિન્ડરની હોમ ડિલીવરી ન અપાતા લોકોને હાલાકી

(પ્રતિનિધિ) લીમખેડા તા.11

લીમખેડા શહેર ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારો જેવા કે દુધીયા, મોટીબાંડીબાર અને સૌગવડના ગ્રાહકોની સ્થિતિ વધુ દયનીય છે. આ અંતરિયાળ ગામોના લોકોને ગેસનો બોટલ લેવા માટે છેક લીમખેડા સુધી આવવું પડે છે. આ શ્રમિકો પોતાનું રોજનું કામ અને મજૂરી છોડીને, માઈલોનું ભાડું ખર્ચીને ગ્રેન એજન્સીના ધક્કા ખાય છે, જ્યારે એજન્સીની ગાડીઓ જૂની મામલતદાર કચેરી પાલ્લી ખાતે ઉભી હોય છે, ત્યારે ત્યાંથી બોટલ લેવાની ફરજ પાડવામાં આવે છે. ગોડાઉન પર જવાથી સમય અને ભાડું બંને બગડે છે, જેના કારણે ગરીબ ગ્રાહકોમાં ભારે અસંતોષ વ્યાપ્યો છે. હવે લોકોની એક જ માંગ છે કે દાહોદ જિલ્લા પુરવઠા વિભાગ અને વહીવટી તંત્ર આ મામલે કડક વલણ અપનાવે. ગ્રાહકોને નિયમ મુજબ ઘર સુધી ગેસની ડિલિવરી મળે અને જે ગ્રાહકો ગોડાઉનથી બોટલ લે છે તેમને હોમ ડિલિવરી ચાર્જ પરત કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું જોઈએ. આદિવાસી બહુલ્ય ધરાવતા આ વિસ્તારમાં લોકો કાયદા અને ઓનલાઈન પ્રક્રિયાથી અજાણ હોવાનો કાયદો એજન્સી ઉઠાવી રહી છે. તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી સોના ગેસ એજન્સીની મનસ્વી કામગીરી પર લગામ કસવામાં આવે અને ગ્રાહકોને પડતી મુશ્કેલીઓનો સત્વરે અંત લાવવામાં આવે તેવી લોકમાંગ પ્રબળ બની

સોના ગેસ એજન્સી મનસ્વી કામગીરી

લીમખેડાની સોના ગેસ એજન્સી મનસ્વી કામગીરી અને ગ્રાહકો પ્રત્યે ઉદાસીનતા સેવાઈ રહી છે. ભારત સરકારના પેટ્રોલિયમ મંત્રાલય અને ઓઈલ કંપનીઓના સ્પષ્ટ નિયમો હોવા છતાં, એજન્સી દ્વારા ગ્રાહકોને ગેસ સિલિન્ડરની હોમ ડિલિવરી આપવાને બદલે તેમને એજન્સીની ઓફિસ સુધી લઈને ગોડાઉન સુધી ધરમધક્કા ખવડાવવામાં આવી રહ્યા છે. સામાન્ય રીતે ઓનલાઈન ગેસ બુકિંગ બાદ એજન્સીની કાયદે સરની જવાબદારી ગ્રાહકના રજિસ્ટર્ડ સરનામે ઘરના દરવાજા સુધી બોટલ પહોંચાડવાની હોય છે. પરંતુ સોના ગેસ એજન્સીમાં સ્થિતિ તદન વિપરીત છે. અહીં ગ્રાહકે પ્રથમ બિલ લેવા માટે એજન્સીની ઓફિસ પર જવું પડે છે અને ત્યાં કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવું પડે છે. બિલ લીધા બાદ ગ્રાહકને ગેસનો બોટલ લેવા માટે જૂની મામલતદાર કચેરીના કમ્પાઉન્ડ, પાલ્લી અથવા અંધારી ગામે આવેલા ગોડાઉન સુધી ધક્કા ખવડાવવામાં આવે છે.

લીમખેડામાં ગેસ એજન્સી દ્વારા નિયમ મુજબ બોટલની ગ્રાહકના ઘર સુધી ડીલિવરી કરવાને બદલે જૂની મામલતદાર કચેરી અને પાલ્લી ગોડાઉન પર કલાકો સુધી ગ્રાહકોને લાઈનમાં ઉભા રખાય છે. અને તે પણ હોમ ડિલિવરી ચાર્જ કાપ્યા વગર પૂરેપૂરા પૈસા વસૂલતા ગ્રાહકોમાં ભારે રોષ વ્યાપ્યો છે.આ ગોડાઉન પર પણ લાંબી લાઈનો લાગેલી હોય છે, જ્યાં ગ્રાહકોએ આખો દિવસ ભૂખ્યા-તરસ્યા ઉભા રહીને પોતાના વારાની પ્રતીક્ષા કરવી પડે છે.

ડુંગરી ડબલ મર્ડર કેસમાં પિતાને આજીવન કેદ!

દાહોદઃદાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ડુંગરી ગામે ચાર વર્ષ પહેલા પિતાએ પોતાના બે માસુમ બાળકો સાથે સામુહિક આત્મહત્યાના પ્રયાસમાં પિતાએ બે માસુમ બાળકોનું ગળુ દબાવી બંને માસુમ બાળકોને મોતને ઘાટ ઉતાર્યા બાદ પોતે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરવાનો પ્રયાસ કરતાં પરિવારજનોએ પિતાને બચાવી લેવામાં આવ્યો હતો ત્યારે આ મામલે પોલીસ મથકે ફરિયા નોંધાતાં આ કેસ દાહોદની નામદાર કોર્ટમાં ચાલી જતાં દાહોદની નામદાર કોર્ટ દ્વારા આરોપી પિતાને આજીવન કેદની સજા ફટકારાઇ હતી.

વિદ્યાર્થીઓ અને સ્ટાફ મિત્રોએ સાથે મળીને સમૂહ ભોજન લીધું

ઝાલોદના શબરી આશ્રમ પાસેના કૂવામાંથી યુવાનનો મૃતદેહ મળ્યો

(પ્રતિનિધિ) દાહોદ તા.11

ઝાલોદ તાલુકાના બીયામાળી ગામના એક ૪૦ વર્ષીય યુવાનનો મૃતદેહ શબરી આશ્રમ નજીક આવેલ કૂવામાંથી મળી આવતા સમગ્ર પંથકમાં અરેરાટી સાથે ચકચાર મચી ગઈ છે. યુવાન ગત રાત્રિથી ગુમ હતો અને શોધખોળ દરમિયાન કૂવા પાસેથી તેના ચંપલ મળી આવતા આ કળશ ઘટના પ્રકાશમાં આવી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, ઝાલોદના બીયામાળી ગામે રહેતા સુશીલભાઈ શામાભાઈ વસૈયા (ઉમર વર્ષ ૪૦) ગત રાત્રે ઘરે પરત ન ફરતા પરિવારજનો ચિંતામાં મુકાયા હતા.

કરતા શબરી આશ્રમ પાસે આવેલા એક કૂવા નજીક સુશીલભાઈના ચંપલ મળી આવ્યા હતા. કૂવામાં તપાસ કરતા અંદર એક વ્યક્તિનો મૃતદેહ તરતો હોવાનું જણાયું હતું. જેના પગલે તુરત સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી હતી. ઘટનાની જાણ થતા જ ઝાલોદ પોલીસ કાફલો સ્થળ પર પહોંચ્યો હતો અને નગરપાલિકાના ફાયર બ્રિગેડની મદદ લેવામાં આવી હતી. ફાયર ફાઈટરોએ ભારે જહેમત બાદ કૂવામાંથી મૃતદેહને બહાર કાઢ્યો હતો. મૃતદેહની ઓળખ વિધિ કરતાં તે ગુમ થયેલા સુશીલભાઈ વસૈયા હોવાનું સ્પષ્ટ થયું હતું. આ સમયે ઘટનાસ્થળે લોકોના મોટા ટોળા એકત્રિત થયા હતા. પોલીસે મૃતદેહનો કબજો સંભાળી કાયદેસરની કાર્યવાહી કરી પીએમ અર્થે મોકલ્યો હતો.

દાહોદના પાંડવ વિસ્તારમાં બેને ધારિયું બતાવી લૂંટનાર ઝબ્બે

(પ્રતિનિધિ) લીમખેડા તા.11

દાહોદના ફરવા લાયક ગણાતા પાંડવ વન વિસ્તારમાં લૂંટ કરનાર આરોપીઓને ઝડપી પાડતી દાહોદ ટાઉન બી ડીવીઝન પોલીસ દાહોદના પાંડવ વિસ્તારમાં બે ઈસમોને ધારિયું બતાવી ચાંદીના ભોરીયા લૂંટી જનાર આરોપીઓ ઝડપાયા દાહોદના ખજુરીયા ગામના ત્રણ આરોપીઓ ઝડપાયા બી ડિવિઝન પોલીસ મથકે લૂંટનો ગુનો નોંધાયો હતો. ત્રણેય આરોપીઓ પાસેથી લૂંટમાં ગયેલા ચાંદીના ભોરયા રિકવર કરાયા લૂંટમાં ઉપયોગમાં લીધેલી સ્પોર્ટ બાઈક પણ કબ્જે કરાઈ છે.

વિદ્યાર્થીઓ અને સ્ટાફ મિત્રોએ સાથે મળીને સમૂહ ભોજન લીધું

ટાઢીગોળી ગામની શાળામાં ધો.8 ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ યોજાયો

(પ્રતિનિધિ) સુખસર,તા.11

સુખસર તાલુકાની ટાઢીગોળી પ્રાથમિક શાળા ખાતે આજરોજ તારીખ ૧૧ એપ્રિલ, ૨૦૨૬ના દિવસે ધોરણ-૮ ના વિદ્યાર્થીઓનો વિદાય-શુભેચ્છા સમારોહ ભાવભીના વાતાવરણમાં યોજાયો હતો. શિક્ષકોએ શાળા સાથેના વિદ્યાર્થીઓના સંભારણાં યાદ કરીને સૌને મંત્રમુગ્ધ કર્યા હતા.આ પ્રસંગે ધોરણ-૮ ના વિદ્યાર્થીઓએ પણ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા.તેમણે શાળામાં વિતાવેલા સમય, શિક્ષકો તરફથી મળેલું શિક્ષણ અને સંસ્કારો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતા પોતાની લાગણીઓ વ્યક્ત કરી હતી. કાર્યક્રમના અંતમાં શાળાના આચાર્ય દ્વારાપ્રાસંગિક

ઉદબોધન આપતા જણાવ્યું હતું કે, વિદાય એ અંત નથી પરંતુ નવા સોપાનની શરૂઆત છે.સમગ્ર કાર્યક્રમ પૂર્ણ થયા બાદ આચાર્યના માર્ગદર્શન હેઠળ તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફ મિત્રોએ સાથે મળીને સમૂહ ભોજન લીધું હતું.

ચલાલી બેઠક પર ભાજપના મિનાક્ષીબેન ચૌહાણ બિનહરીફ!

(પ્રતિનિધિ) કાલોલ તા.11

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકા પંચાયતની આગામી ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો તેજ બન્યો છે. આ દરમિયાન તાલુકાની ચલાલી બેઠક પરથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. આ બેઠક પર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર મીનાક્ષીબેન રાજેન્દ્રસિંહ ચૌહાણ સામે અન્ય કોઈ ઉમેદવારે ફોર્મ ન ભરતા અથવા હરીફ ઉમેદવાર ન હોવાથી તેઓ બિનહરીફ જાહેર થાય તેવી શક્યતાઓ જોવા મળી રહી છે. ચૂંટણી પ્રક્રિયાના ભાગરૂપે ફોર્મ ચકાસણી અને પરત ખેંચવાની પ્રક્રિયાના અંતે જો ચિત્ર સ્પષ્ટ થશે, તો ભાજપ આ બેઠક પર ચૂંટણી પહેલા જ જીતનો પંચમહાલમાં ડંકો વગાડશે. મીનાક્ષીબેન ચૌહાણ સામે મેદાનમાં કોઈ અન્ય ઉમેદવાર ન હોવાથી સ્થાનિક ભાજપ કાર્યકરો અને સમર્થકોમાં અત્યારથી જ ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

સત્તાવાર જાહેરાત થયા બાદ આ બેઠક પર ભાજપનું કમળ ખીલશે, જે તાલુકા પંચાયતની સત્તા મેળવવાના સમીકરણોમાં ભાજપ માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે.